## (1) ‘હ્યુમન કોસ્ટ ઓફ ડિઝાસ્ટર્સ 2000-2019’ રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ ગ્રીનપીસ અને કલાઈમેટ વોરીયર્સ નામની સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) રિપોર્ટમાં જૈવીક આપત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

(3) આ રિપોર્ટ મુજબ, છેલ્લાં 20 વર્ષની સૌથી હિંસક આપત્તિ 2004ની સુનામી છે.

(4) આપત્તિઓથી અસરગ્રસ્ત દેશોમાં ચીન પ્રથમ ક્રમે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 13 ઓકટોબરના રોજ ‘ઈન્ટરનેશનલ ડે ફોર ડિઝાસટર રિસ્ક રીડકશન’ ઉજવવામાં આવે છે.

⇛ આ દિવસ નિમિત્તે UNDRR (યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર ડિઝાસ્ટર રિસ્ક રીડકશન) દ્વારા ‘હ્યુમન કોસ્ટ ઓફ ડિઝાસ્ટર્સ 2000-2019’ નામનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ રિપોર્ટમાં જૈવીક આપત્તિઓ અને રોગ સંબંધી આપત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ 2004ની હિંદ મહાસાગરની સુનામીને છેલ્લા 20 વર્ષની સૌથી હિંસક આપત્તિ ગણવામાં આવી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આપત્તિઓથી અસરગ્રસ્ત ટોચના દેશો : (1) ચીન (577 ઘટનાઓ) (2) યુ.એસ.એ. (467 ઘટનાઓ) (3) ભારત (321 ઘટનાઓ) (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) કિલિમાંજારો પર્વત વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પર્વત તાન્ઝાનીયામાં આવેલો છે.

(2) તે આફ્રિકાનો સૌથી ઊંચો પર્વત છે.

(3) તે એક પ્રકારનો જ્વાળામુખી પર્વત છે.

(4) આ પર્વતની ટોચ પર બરફનું આવરણ જોવા મળે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આફ્રિકાના કિલિમાંજારો પર્વત પર આગની ઘટના સર્જાય હતી.

⇛ તે આફ્રિકાનો સૌથી ઊંચો પર્વત છે અને તાન્ઝાનીયામાં આવેલો છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ ઉપરાંત તે વિશ્વનો સૌથી મોટો મુકતપણે ઉભેલો પર્વત છે. અર્થાત્ તે કોઈ પર્વતમાળાનો ભાગ નથી.

⇛ તે એક જ્વાળામુખી પર્વત છે. તેનો પ્રકાર સ્ટ્રેટોવોલ્કેનો અથવા કમ્પોઝીટ વોલ્કેનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ જ્વાળામુખી પર્વત છેલ્લે 3,60,000 વર્ષ પહેલાં પ્રસ્ફોટન પામ્યો હતો.

⇛ આ પર્વત તેની બરફ આચ્છાદીત ટોચ માટે પ્રખ્યાત છે. વૈજ્ઞાનીકોના મત મુજબ, આ પર્વતનું બરફ–આવરણ આવનારા 20 વર્ષોમાં અદશ્ય થઈ જશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) એશિયન ડેવલપમેન્ટ બેંક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનું વડુંમથક ચીનામાં આવેલું છે.
(2) તેના કુલ સભ્યો પૈકી આશરે 50% સભ્યો એશિયાની બહારના છે.
(3) તેના ટોચના શેરહોલ્ડર્સ જાપાન અને યુ.એસ.એ. છે.
(4) તેની વોટીંગ રાઈટ્સની પ્રણાલિ વર્લ્ડ બેંકની પ્રણાલિથી તદ્દન અલગ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ મધ્યપ્રદેશમાં શહેરી સેવાઓ પૂરી પાડવા માટે ભારત અને એશિયન ડેવલપમેન્ટ બેંક વચ્ચે 270 મિલિયન ડોલરની લોન પર સમજૂતી થઈ છે.

⇛ ADBનું વડુંમથક ફિલિપીન્સના મનીલા શહેરમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેના કુલ 68 સભ્યો છે. જે પૈકી 49 સભ્યો એશિયા વિસ્તારમાંથી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તેના વોટીંગ રાઈટ્સની પ્રણાલિ વર્લ્ડ બેંકની પ્રણાલિની સમાન છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ 31 ડિસેમ્બર 2019 મુજબ, ADBના મુખ્ય શેરહોલ્ડર્સ :

- જાપાન (15.6%)
- યુ.એસ. (15.6%)
- ચીન (6.4%)
- ભારત (6.3%)
- ઓસ્ટ્રેલીયા (5.8%)

(આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) રાષ્ટ્રીય કામધેનુ આયોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક કાયમી અને સલાહકારી સંસ્થા છે.
(2) તે માછીમારી, પશુપાલન અને ડેરી મંત્રાલય હેઠળ આવે છે.
(3) આ આયોગની સ્થાપના રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ કરવામાં આવી છે.

(A) માત્ર (1) (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (2) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા રાષ્ટ્રીય સ્તરનું 'કામધેનુ દીપાવલી અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ દિવાળી દરમિયાન ગાયના છાણના બહોળા ઉપયોગનો છે.

⇛ આ આયોગની સ્થાપના 2019માં રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ કરવામાં આવેલી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે એક સર્વોચ્ચ–કાયમી–સલાહકારી સંસ્થા છે જે કેન્દ્ર સરકારને સ્વદેશી ગાયોના જતન અને વિકાસને લગતી સલાહ આપે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સંસ્થા માછીમારી, પશુપાલન અને ડેરી મંત્રાલય હેઠળ આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ રાષ્ટ્રીય કામધેનુ આયોગના કાર્યો :

- દિશાસૂચન અને નીતિ નિર્માણ દ્વારા દેશમાં ગાય–ભેંસની વસતીનું સંરક્ષણ અને તેનો વિકાસ કરવો.
- સ્વદેશી જાતિની ગાયોનું સંરક્ષણ કરવું.
- પશુપાલન ક્ષેત્રે વિકાસ વધારવો.
- ગાયની સુખાકારી માટેના નિયમોનું યોગ્ય અમલીકરણ કરાવવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) દિલ્હીના અભિયાન ‘યુદ્ધ-પ્રદૂષણ કે વિરુદ્ધ’માં નીચેનામાંથી કઈ-કઈ વસ્તુઓનો સમાવેશ થાય છે ?**

(1) વૃક્ષ માટેની એફોરેસ્ટ્રેશન નીતિ

(2) સ્મોગ ટાવરનું નિર્માણ

(3) ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન

(4) ક્લાઉડ સીડીંગ એક્સપેરીમેન્ટ

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં દિલ્હી સરકારે એક મોટા પ્રદૂષણ વિરોધી અભિયાનની શરૂઆત કરી છે. આ અભિયાનનું નામ ‘યુદ્ધ–પ્રદૂષણ કે વિરુદ્ધ’ છે.

⇛ આ અભિયાનમાં સમાવિષ્ટ કાર્યો :

- વૃક્ષના ટ્રાન્સપ્લાન્ટેશન માટેની નીતિ (વૃક્ષને મૂળ સહીત અન્ય જગ્યાએ ખસેડવા)
- સ્મોગ ટાવરનું નિર્માણ
- ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન
- ખેત કચરા (Stubble)ને બળતાં રોકવા માટે પ્રયાસો

(આથી, માત્ર વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ દર વર્ષે શિયાળા દરમિયાન દિલ્હીની વાયુ ગુણવત્તા અતિશય બગડે છે. આથી, શિયાળા પહેલા આ અભિયાન આ પ્રશ્નને ઉકેલવા માટેનું એક પગલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT